અપીલ અરજી નં.૩૧૫ તા.૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ચૌટા બજારની નોંધ નં.૧/૧૪૪૯ અને ૧/૧૪૫૧ તથા તેમની સામે આવેલ ભવાની ચેમ્બર્સની આજુબાજુની દુકાનોનો ભાગ બહાર રોડ સાઈડમાં હોય જે દુકાનોનું કાયદેસર ડીમોલીશન ન કરવા અંગેની માહિતીની નકલ મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૫/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ચૌટા બજારની નોંધ નં.૧/૧૪૪૯ અને ૧/૧૪૫૧ તથા તેમની સામે આવેલ ભવાની ચેમ્બર્સની આજુબાજુની દુકાનોનો ભાગ બહાર રોડ સાઈડમાં હોય જે દુકાનોનું કાયદેસર ડીમોલીશન ન કરવા અંગેની માહિતીની નકલ મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૫ તા.૨૩–૧૨–૧૦ થી મળેલા પ્રતિભાવમાં જે માહિતી આપવામાં આવેલ છે તેનાથી અસંતુષ્ટ છે તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૫–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૭ તા.૧૫–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અરજદારે મુદ્દા નં.૨ અંગે આસી. પોલીસ કમિશનર સુરતના ટ્રાફીક વિભાગને અપીલ કરેલ છે કે કેમ? તબદીલ થયેલ અરજી અંગે ટ્રાફીક વિભાગે ઈન્કાર કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૬૯ તા.૩–૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૮૬ તા.૧૬–૧૨–૧૦ થી આસી. પોલીસ કમિ. ટ્રાફીક નાનપુરા, સુરતને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૫ તા.૨૩–૧૨–૧૦ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, ટ્રાફીસક પોલીસ તરફથી સેન્ટ્રલઝોનને તા.૨૯–૧–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્રમાં જ ટ્રાફીક પોલીસ કમિશનરને અપીલ કરવાની જરૂરીયાત રહેતી નથી તેથી ઈન્કાર અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ચૌટા બજાર નોંધ નં.૧/૧૪૪૯ તથા ૧/૧૪૫૧ ની મુદ્દા નં.૧ થી ૨ ની ટ્રાફીક પ્રશ્ન અંગેની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૮૬ તા.૧૬–૧૨–૧૦ થી મુદ્દા નં.૨ અંગે અંશતઃ આસી. પોલીસ કમિ. નાનપુરા, સુરતને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ચૌટા બજારની નોંધ નં.૧/૧૪૪૯ અને ૧/૧૪૫૧ તથા તેમની સામે આવેલ ભવાની ચેમ્બર્સની આજુબાજુની દુકાનોનો ભાગ બહાર રોડ સાઈડમાં હોય જે દુકાનોનું કાયદેસર ડીમોલીશન ન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ચૌટા બજારની નોંધ નં.૧ /૧૪૪૯ અને ૧/૧૪૫૧ વાળી મિલકત આવેલ નથી તથા ભવાની ચેમ્બર્સની આજુબાજુની દુકાનો અંગેની તમોએ માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી. મિલકતનો ચોકકસ નંબર જણાવ્યેથી માહિતી આપી શકાય તેમ છે. તેવું જણાવેલ. મુદ્દાનં.(૨) સદર ચાર દુકાનોને લીધે અહીં કાયમ ટ્રાફીક જામ થાય છે અને જનરલ હોસ્પિટલની એમ્બ્યુલન્સને ઈમરજન્સીમાં જવા આવવાની તકલીફ પડતી હોય અને ગંભીર ઈમરજન્સી દર્દીના જાનનું જોખમ કાયમ રહે છે. જેની જવાબદારી સુરત મહાનગરપાલિકા સેવાસદન કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનની રહેવા અંગેની માહિતીની નકલની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૮૬ તા.૧૬–૧૨–૧૦ થી તમારી અરજી આસી. પોલીસ કમિ.શ્રીને તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ અને અસંતુષ્ટ થઈ તા.૫–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે નોંધ નંબરના વોર્ડમાં શરતચૂકથી ભુલ થયેલ છે. જેનાથી માહિતી મળેલ નહીં પરંતુ મુદ્દા નં.૨ માં પોતાની જવાબદારીની છટકબારી ભરેલ જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને સેન્ટ્રલઝોન તરફથી ટ્રાફીક પોલીસને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરેલ અરજીના પ્રત્યુત્તર બાબતે અપીલ તબકકે વિગત માંગતા અરજદારે ટ્રાફીક પોલીસ કમિશનરને અપીલ કરવાની

જરૂરીયાત રહેતી નથી. તેથી ઈન્કારનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. જે બાબતે ટ્રાફીક પોલીસને તબદીલ થયેલ અરજીના મુદ્દા અંગે મ. પોલીસ કમિશ્નરની કચેરી, ટ્રાફીક સુરત શહેર જાવક/૨૧૧/૧૧ તા.૨૯–૧–૧૧ થી અરજદારને અરજીમાં જણાવવામાં આવેલ મુદ્દા નં.૨ મુજબની માહિતી આપવા જણાવવામાં આવેલ. તે મુજબ ટ્રાફીક પોલીસ કચેરીએ માહિતી તૈયાર કરી તા.૨૮–૧–૧૧ ના રોજ ફોન ધ્વારા સંપર્ક કરી માહિતી મેળવી લેવા જણાવતા તેઓએ કચેરીએ આવતાં રૂબરૂમાં જણાવેલ છે કે તેઓએ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૨ ની માહિતી સુરત મહાનગરપાલિકાની રહે છે અને ટ્રાફીક પોલીસ બાબતે માહિતીની જરૂરીયાત જણાતી નથી તેમ જણાવી નિવેદન લેવામાં આવેલ છે. આમ અરજદારની અપીલમાં મુદ્દા નં.૧માં ખરેખર વોર્ડ નં.૧૦ ની મિલકત બાબતે પ્રથમ વોર્ડ નં.૧ અને ત્યાર બાદ અરજદારે તા.૨૮–૧૨–૧૦ થી જાહેર માહિતી અધિકારીને વોર્ડ નં.૭ બાબતે જણાવવામાં આવેલ. જે અરજદારે શરતચૂકથી લખાયેલ તેવું અપીલમાં જણાવેલ છે. જયારે અપીલ તબકકે વોર્ડ નં.૧૦ જણાવી માહિતી આપવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં નોંધ નં.૧/૧૪૪૯ અને ૧/૧૪૫૧ સંદર્ભે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ બાબતે મ. પોલીસ કચેરી સંદર્ભે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદાર માહિતી સંબધે સ્પષ્ટ નથી. અને ત્યાર બાદ અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી વોર્ડ નં.૧૦ ની માહિતી માંગવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની અપીલ તબકકે વોર્ડ નં.૧૦ બાબતે મુળ અરજીથી અલાયદી માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીએ નિયમોનુસારની અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,